# આચાર્યનું કામ માત્ર સંભળાવવાનું નથી, સાંભળવાનું અને તે થકી સંભાળવાનું છે

શાળા કોલેજોમાં આચાર્યની ભૂમિકા શું હોવી જોઇએ? તે વિશે ઘણાં લખાણો વાંચવા મળે છે અને ઘણી ચર્ચાઓ થતી સાંભળવા પણ મળે છે. અહીં આપણે જરા જુદી રીતે તેનો વિચાર કરીશું. સામાન્ય રીતે આચાર્ય પોતે પોતાની જાતને શાળા-કોલેજના વહીવટકર્તા તરીકે જૂએ છે. પણ મારી દ્રષ્ટિએ એ ખ્યાલ ખોટો નથી, પણ અધૂરો જરૂર છે. જો આચાર્યની ભૂમિકા માત્ર વહીવટકારની જ હોત તો એ માટે એમ.બી.એ. થયેલા ઉમેદવારની નિમણૂંક કરવી જોઇએ. આચાર્યની નિમણૂંકમાં શા માટે શિક્ષક તરીકેના અનુભવને પણ ધ્યાને લેવામાં આવે છે? આચાર્ય એ શાળા-કોલેજોનો માત્ર વહીવટદાર જ નથી, પણ તે શાળા-કોલેજ રૂપી વહાણનો વહાણવટી અને વડિલ પણ છે. તેણે શાળા-કોલેજને સંભાળવાની છે. સાર્થ જોડણીકોશ મુજબ સંભાળવાનો અર્થ જોઇએ તો.....સંભાળ રાખવી, જતન કરવું, સાચવવું, જાળવવું, (કામ-જવાબદારી) માથે લેવું -ચલાવવું, નિભાવવું, સાવચેત કે હોશિયાર રહેવું, ગફલતમાં ન પડી જવું...તેવો અર્થ થાય છે.

શાળા-કોલેજમાં આચાર્યની ભૂમિકા શું હોવી જોઇએ ? તે કોને નકકી કરવાનું ? આજે તો આચાર્ય પોતે જ નક્કી કરે છે કે તેનું કામ કયું અને કેટલું!બાકીનું બધું કામ શિક્ષકો અને વાલીઓનું! તો આચાર્યની ભૂમિકા કોને નક્કી કરવાની? ખરેખરતો આ ભૂમિકા નક્કી કરનાર છે – વિદ્યાર્થીઓ, શિક્ષકો, ટ્રસ્ટીઓ અને વાલીઓ. હા... વ્યવસ્થાના ભાગ રૂપે કેટલેક અંશે સરકારને સામેલ કરી શકાય.

આચાર્ય પોતે જ્યારે તેની ભૂમિકા નક્કી કરે છે ત્યારે તેમની ભૂમિકામાં "સંભળાવવું" શબ્દને જ પ્રધાન્યતા અપાતી જોવા મળે છે. શાળા-કોલેજમાં પોતાની માન્યતા પ્રમાણે કામ ન થાય એટલે શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખખડાવવા. ક્યારેક વાલીઓનો પણ સમાવેશ થઇ જાય છે! હા..કેટલાંક આચાર્ય મિત્રો પ્રેમથી પોતાની વાત કે વિચાર રજૂ કરતાં હોય છે. તમે તેમ પણ આ આચાર્ય મિત્રોને અન્યનું સાંળવા કરતાં પોતાનું જ હાંકે રાખવામાં જ રસ પડતો હોય છે. આ હાંકે રાખવું એને જ પોતાની મહામૂલી ફરજ સમજતા હોય છે. ખરેખર તો આચાર્યએ અન્યને સંભળાવ્યાં કરતાં અન્ય પાસેથી સાંભળવાનું ચાલુ કરશે તો સંસ્થાને વધુ ફાયદો થશે. આચાર્યની મુખ્ય ફરજ તો શાળા-કોલેજને સંભાળવાની છે. આ માટે સંચાલન તરીકેની તમામ આવડતરૂપી હથિયારો હંમેશ માટે તૈયાર હોવાં જોઇએ. શાળા-કોલેજને તો સંભાળવાના જ ચે, પણ સાથે ક્લાસરૂમ, સમાજ, સરકારના નીતિ નિયમો વગેરેને પણ સંભાળવાના છે. આમછતાં ઘણાં આચાર્યને સંભાળવા માટે સાંભળવા કરતાં સંભળાવવું વધારે ગમે છે, જે અન્ય કોઇને ગમતું નથી. સારા શ્રોતા બનવું તે ખૂબ જ અઘરી બાબત છે, પણ આચાર્ય એ વડિલ તરીકેની ભૂમિકા ભજવવાની હોવાથી સારા શ્રોતા બનવું જ પડે. આ માટે સારા શ્રોતા માટેના જે લક્ષણો જોઇએ તે કેળવવા જ પડે.

આચાર્યશ્રીએ વર્તમાન પ્રશ્નો અને પ્રવાહોથી સતત માહિતગાર રહેવું પડે. તે માટે ઊંડા વાચન શોખની સાથે સાથે સાંળળવાનું પણ રાખવું પડે. વિવિધ સેમિનારમાં હાજરી આપવી, અન્ય

નિષ્ણાત વ્યક્તિઓ પાસેથી જાણવું, શિક્ષણના કાર્યક્રમોમાં પણ હાજરી આપવી જોઇએ. તેમની પાસેથી આજની સમસ્યાનો હલ અને આવતીકાલની જરૂરિયાત-માંગ વિશે જાણવા મળશે. તો જ શાળા-કોલેજોમાં નવીનતા આવશે.

આચાર્યશ્રીએ શું સાંભળવું? ક્યારે સાંભળવું ? કોનું સાંભળવું વગેરે ગુણો ખીલવવા જેવા છે. શાળા-કોલેજોમાં અનેકવાર અનેક પ્રશ્નો ઊભા તથાં હોય ચે. ઘણાં સૂચનો ।।વતાં હોય ચે. તે વખતે ઉપરોક્ત ગુણો ખૂબ જ ઉપયોગી થઇ પડશે. સાંભળ્યાં પછી કોને સંભળાવવું? શું સંભળાવવું અને ક્યારે સંભલાવવું તે પણ શીખવા જેવી બાબત છે. જે અનુભવે શીખી શકાય છે. પણ પૂરતો અનુભવ ન હોય ત્યારે નિષ્ણાત વ્યકિતની સલાહ લેવામાં અચકાવું જોએ નહીં. આમ જરૂર જણાય ત્યાં સાંભળીને પછી યોગ્ય જગ્યાએ સંભળાવીને બાજી સંભાળી લેવી જોઇએ. આ માટે સંસ્થામાં મુક્ત સ્વાતંત્ર્ય હોવું જરૂરી છે. જે સંસ્થામાં વિચારો વ્યક્ત કરવાની કે સૂચનો કરવાની સ્વતંત્રતા ન હોય તે સંસ્થાની દુર્ગંધ ટૂંકાગામાં જ બંધિયાર પાણીની દુર્ગંધની જેમ ફેલાશે.

આચાર્યએ આંખ અને કાન બંને થી સાંભળવાનું છે. જે આચાર્ય પોતે વિદ્યાર્થી અને શિક્ષકને સાંભળતા નથી તે ક્યારેય સફળ થઇ શકે નહીં. સંભળાવવા કરતાં સાંભળવામાં વધુ રસ હોવો જોઇએ.અનેકનું સાંભળીને કોઇ એક ચોક્કસ તારણ પર પહોંચવું જોઇએ. ક્યારેક પટાવાળાનું સૂચન પણ સંસ્થા માટે ઉપયોગી થઇ પડે છે. આચાર્યએ અવળચંડાઇથી દૂર રહેવું જોઇએ. આચાર્ય એ સંસ્થામાં રચી બતાવવાનું છે, ચરી બતાવવાનું નથી. ખરો આચાર્ય આચરી બતાવે ચરી ના બતાવે.

તમે Costumer is always right સાંભળ્યું હશે. તેના જેવું સૂત્ર શાળા-કોલેજોએ પણ અપનાવવા જેવું છે.આ સૂત્રને રમતું મૂકવાનું અને તેનો અમલ થાય તે જોવાની જવાબદારી આચાર્યના પક્ષે જ આવે. આ સુત્ર છે – Student is always right. શાળા-કોલેજો વિદ્યાર્થીઓ માટે છે, નહીં કે શિક્ષકો, આચાર્ય કે ટ્રસ્ટીઓ માટે. માટે તેનો લાભકર્તા સૌથી પહેલાં વિદ્યાર્થી જ હોવો જોઇએ. વિદ્યાર્થીને સાંભળવો તે આચાર્ય અને શિક્ષકોને મહત્ત્વની ફરજ ગણાય અને જરૂર પડે આચાર્ય અને શિક્ષકોને સંભળાવવું તે વિદ્યાર્થીઓનો હક્ક ગણાવો જોઇએ.

આજે આવા વિષયો પર લખવું પડે કે ચર્ચાઓ સાંળવી પડે તે જ સાબિત કરે છે કે શાળા-કોલેજોમાં ક્યાંક આચાર્ય દ્વારા અંચાઇ થતી હશે. અંચાઇ , આડંબર અને અવિશ્વાસને આચાર્યએ પોતાનાથી દૂર રાખીને આદર્શ આચાર્ય તરીકેની છાપ ઉપછાવવી જોઇએ.